# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 15 જુલાઈ 2011 ❖ વર્ષ – 12 ❖ અંક – 04 ❖ સળંગ અંક - 136

## ધમ્મવાણી

स्वाक्खातो भगवता धम्मो सन्दिट्ठिको अकालिकोएहिपस्सिको
ओपनेय्यिको पच्चत्तं वेदितब्बो विञ्ञूही' ति ।
– दीघनिकाय २७३ (महापरिनिब्बानसुत्त)

ભગવાને સ્પષ્ટ રીતે આખ્યાત કરેલો આ ધર્મ સાંદષ્ટિક છે, કાલ્પનિક નથી. પ્રત્યક્ષ છે, તત્કાળ ફળદાયક છે, ''આવો અને જુઓ'' (કહેવા યોગ્ય છે.) નિર્વાણ સુધી લઈ જનારો છે, પ્રત્યેક સમજદાર વ્યક્તિએ સાક્ષાત્કાર કરવા યોગ્ય છે.

## સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વૈશાખ મહોત્સવ ૨૦૦૨ ને માન્યતા

(વિશ્વ વિપશ્યનાચાર્ય સત્યનારાયણ ગોયન્કા દ્વારા મૂળ વિષય શાંતિના મહાન વૈજ્ઞાનિક : બુદ્ધ વિષય પર પ્રમુખરૂપે આપેલું પ્રવચન).

પ્રિય શાંતિપ્રેમી મિત્રો અને આદરણીય ભિક્ષુઓ! હું 'સંયુક્ત રાષ્ટ્ર'ને તથા આ ભવ્ય વૈશાખ મહોત્સવના આયોજકોને વિશેષરૂપે મ્યંમા તથા શ્રીલંકાના શિષ્ટમંડળોને ધન્યવાદ આપું છું, જેમણે મને આ આંતરરાષ્ટ્રિય સન્માનનીય સભાને સંબોધિત કરવાનો અવસર પ્રદાન કર્યો.

દુનિયામાં જે થઈ રહ્યું છે એને જોઈને હૃદય દુઃખી થઈ જાય છે. માણસ જ માણસનો દુશ્મન થઈ ગયો છે. આ વ્યક્તિગત શત્રુતા નથી. લોકો એટલા માટે મરાય છે કેમ કે તેઓ એક વિશેષ ધાર્મિક સંપ્રદાય અથવા સમુદાયના છે, કેમ કે તેઓ એક વિશેષ માનવજાતિય સમૂહના અથવા વિશેષ દેશના છે. નૃશંસતા તો એટલા નિમ્નસ્તરની છે કે એક વ્યક્તિ બીજીને નિર્દોષ હોવા છતાં મારે છે, નિઃસહાય સ્ત્રીઓ અને બાળકો હોવા છતાં મારે છે, આ ત્રાસદાયક હિંસા આધુનિક ઔદ્યોગિકરણના કારણે અધિક ભયાનક રૂપે વિધ્વંસક બની ગઈ છે, જેવી પહેલાં કદિ ન હતી. માનવ ઈતિહાસમાં સંભવ છે કે આના પહેલાં આવું કદિ નથી બન્યું. આથી પ્રતિકૂળ ભાવનાઓથી ઉત્પન્ન થયેલ આ અમાનવીય જઘન્ય અપરાધોથી માનવતાની રક્ષા માટે આજે મૌલિક પરિવર્તનની આવશ્યકતા છે

આખું વિશ્વ ઘૃણા, ચિંતા અને ભયના રોગથી આક્રાંત છે. તેને કોઈ અસાધારણ વૈદ્યની ચિકિત્સાની જરૂર છે. બુદ્ધ એવા જ એક અસાધારણ ભિષક્ હતા, સુખ અને શાંતિના બહુ મોટા વૈદ્ય. તેમનો શાંતિ અને મૈત્રીનો સંદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે, જેટલો ૨૬૦૦ વર્ષ પહેલાં તેમણે ધર્મચક્રનું પ્રવર્તન કર્યું ત્યારે હતો. બલ્કે, આજે એ અધિક પ્રાસંગિક બની ગયો છે. આજના મધ્યયુગમાં આપણે માનવ ઈતિહાસની એક વિશિષ્ટ વ્યક્તિના સંદેશને સન્માન આપવા માટે એકત્ર થયા છીએ. આપણે જોઈએ છીએ કે એમની શિક્ષા આવા વિધ્વંસાત્મક મનોભાવોને કેવી રીતે જડમૂળથી ઊખેડીને ફેંકી દે છે અને કેવી રીતે તેનું રૂપાંતર રચનાત્મક કરુણામાં થાય છે.અધિકતર અંધભક્તિ અને પોતાની દૃષ્ટિ (ફિલસૂફિ) પ્રત્યે ગહન આસક્તિ જ આવા નિષેધાત્મક મનોભાવનું કારણ છે જે ક્રમશ : આ પ્રકારની નૃશંસતાને જન્મ આપે છે.

જ્યારે મેં વિપશ્યનાની પહેલી શિબિર મારી માતૃભૂમિ મ્યંમામાં કરી ત્યારે જ બુદ્ધની વાસ્તવિક શિક્ષાને બારાબર સમજી શક્યો. મને યાદ છે કે શિબિર પ્રારંભ થતાં પહેલાં મારા આચાર્યએ મને એક પુસ્તિકા વાંચવા આપેલી. તેના પહેલા જ પૃષ્ઠ પર ભગવાન બુદ્ધે કાલામોને આપેલા ઉપદેશોનું એક ઉદાહરણ હતું બુદ્ધે એમને કહ્યું હતું ''કોઈ પણ વાતને એટલા માટે ન સ્વીકારવી કેમ કે તમે તે ઘણીવાર સાંભળી છે અથવા ઘણી પઢીઓએ તેના પર પરંપરાગત રૂપે વિશ્વાસ કર્યો છે, અથવા એ ઘણા લોકો દ્વારા માન્ય છે, અથવા તે તમારા ધર્મગ્રંથો અનુસાર છે અથવા તે તર્કસંગત છે અથવા તે તમારા વિશ્વાસ સાથે મેળ ખાય છે અથવા તે તમારા ગુરુ કે જેમનું વ્યક્તિત્વ આકર્ષક છે અને જેના પ્રત્યે તમને ખૂબ આદરભાવ છે, તેમના દ્વારા ઉદ્ઘોષિત છે અથવા સ્વયં હું કહું છું. નહિ, બલ્કે તેને ત્યારે જ સ્વીકારો જ્યારે તમે સ્વયં પોતાના અનુભવ દ્વારા સાક્ષાત્કાર કરી લો અને જાણી લો કે એ કેવળ તમારા માટે જ નહિ, બલ્કે બધાં માટે હિતકારક અને લાભકારક છે, ત્યારે તેને માત્ર સ્વીકારો જ નહિ, બલ્કે તેના અનુસાર જીવન જીવો, તેને તમારા આચરણમાં ઉતારો.''

તેમના આ સંદેશમાં એક ચુંબકીય આકર્ષણ હતું. હું જે પરંપરામાં જન્મ્યો અને ઉછર્યો હતો તે ભિન્ન હતી. ત્યાં મને એવું શીખવેલું હતું કે આપણા ધર્મગ્રંથોમાં જે કાંઈ લખાયું છે અને ધર્મગુરુ જે કહે છે તેનો કોઈ પણ જાતના પ્રશ્નો કર્યા વિના સ્વીકાર કરવો જોઈએ, બુદ્ધના જે શબ્દો સાથે ૩૧ વર્ષની ઉંમરે મારો સંપર્ક થયો, તે આ જ શબ્દો હતા, જેને વાંચીને હું ગદગદથઈ ગયો.

માનવ ઈતિહાસમાં આ આત્મસ્વતંત્ર્યનું પહેલું અને અનોખું ઘોષણાપત્ર હતું. મને એ વાત બહુ સ્પષ્ટરૂપે સમજાઈ ગઈ કે સમ્યક્ સંબુદ્ધની શિક્ષામાં વિવેકશૂન્ય વિશ્વાસ અને અંધશ્રદ્ધાને કોઈ સ્થાન નથી. મેં ખુલ્લા મને અનુભવના આધારે સત્યનો સ્વીકાર કરતાં કરતાં તેને અજમાવવાનો નિશ્ચર્ય કર્યો. જેમ જેમ હું ધર્મપથ પર ચાલવા લાગ્યો અને પ્રતિદિન મને જે અનુભવો થયા, તેનાથી મને એ જ જાણવા મળ્યું કે આ માર્ગ બુદ્ધિસંગત, વૈજ્ઞાનિક અને અત્યંત વ્યાવહારિક છે. વિચાર્યા વિના સ્વીકાર કરવાની અહીં કોઈ આવશ્યકતા નથી. એમાં કોઈ સંદેહ નથી રહ્યો કે હું એને જ સત્ય માનું જેનો મે સ્વયં અનુભવ કર્યો છે. મેં એ પણ જાણ્યું કે આ માર્ગ પર ભરેલું પ્રત્યેક કદમ વિશ્વજનીન અને અસાંપ્રદાયિક છે. તેનાથી મારો આત્મવિશ્વાસ ઘણો જ વધી ગયો.

દસ દિવસીય શિબિરના અંતે મેં જાણ્યું કે બુદ્ધની આ શિક્ષા પૂર્ણ અને શીઘ્ર ફળદાયી છે. આ શિબિર મારા માટે શારીરિક,માનસિક તથા આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ જ લાભદાયક સિદ્ધ થઈ. એટલે મેં તેનો પૂરા મનથી સ્વીકાર કર્યો અને ત્યાર બાદ સંબુદ્ધ દ્વારા બતાવેલ આ માર્ગ પર ચાલતો રહ્યો છું

દોઢ દાયકા બાદ મારા આચાર્યે મને ભારતવર્ષ તથા આખી દુનિયામાં વિપશ્યના શીખવવા માટે અધિકૃત કર્યો. તેના અભ્યાસથી ભિન્ન–ભિન્ન દેશોના ભિન્ન–ભિન્ન સંપ્રદાયોના ભિન્ન–ભિન્ન પરંપરાના લાખો લોકોને એકસરખો લાભ મળ્યો છે. બધા જ વ્યવસાયના લોકો આ શિક્ષા તરફ આકર્ષિત થયા છે. કેમ કે આ બધી રીતે અસાંપ્રદાયિકતથા સદ્ય ફળદાયી છે.

**ભગવાન બુદ્ધની શિક્ષા અને તેમનો ધર્મ :-**

બુદ્ધે આ પથના નિમ્નલિખિત ગુણ દર્શાવ્યા છે. એ સરળ છે. બરાબર સમજી શકાય તેવો છે, કોઈ જાતની માનસિક ભાંજગડ વિના કોઈ પણ વ્યક્તિ તેનો અભ્યાસ કરી શકે છે. એના પર માંડેલું એક – એક કદમ વર્તમાન ક્ષણની સચ્ચાઈ પર આધારિત છે. તેમાં કોઈ કલ્પના નથી, કોઈ અટકળ નથી, નિરર્થક ચિંતન નથી કોઈ આત્મસૂચન અથવા બાહ્યસૂચન નથી, દરેક કદમ અહીં જ, આ જ જીવનમાં સારું પરિણામ આપે છે. પથ પર કરેલો કોઈ પણ પ્રયાસ વ્યર્થ નથી જતો. શિક્ષા એ વાત પર ભાર મૂકે છે કે ''આવો અને સ્વયં જુઓ, સચ્ચાઈનો અનુભવ કરો.'' પથ બિલકુલ સીધો (ઋજુ) છે. એના પર માંડેલું હર એક કદમ આપણને દુઃખ મુક્તિના અંતિમ લક્ષ્ય નિર્વાણની નિકટ લઈ જાય છે. હર સમુદાય, હર સમજદાર વ્યક્તિ માટે અનુભવથી સત્યનો સાક્ષાત્કાર કરવા

માટે છે.

આ પથ પર ચાલતાં ચાલતાં જ્યારે કોઈ બુદ્ધની વાતોનું વાચન કરે છે, ત્યારે એ વાત સ્પષ્ટથી સ્પષ્ટતર થઈ જાય છે કે આ શિક્ષાનો ઉદ્દેશ્ય લોકોને એક ધાર્મિક સંપ્રદાયમાંથી બીજા ધાર્મિક સંપ્રદાયમાં ધર્માંતરિત કરવાનો નથી. વાસ્તવમાં આ શિક્ષાને ધાર્મિક સંપ્રદાયો સાથે કશી લેવાદેવા નથી. એનો અભ્યાસ બધાં કરી શકે છે.

જ્યારે કોઈ બુદ્ધનું સાહિત્ય વાંચે છે અથવા તેના પર લખાયેલી અટ્ઠકથા અને ટીકા વાંચે છે તેને એ જાણીને આશ્ચર્ય થાય છે કે આ આખા વાઙ્મયમાં ''બૌદ્ધ'' કે ''બૌદ્ધધર્મ'' જેવા શબ્દો બિલકુલ જોવા મળતા નથી. બુદ્ધે એ શબ્દોનો પ્રયોગ જ નથી કર્યો. કેટલીયે શતાબ્દિઓ સુધી તેમના અનુયાયીઓએ પણ આ શબ્દોનો પ્રયોગ નથી કર્યો. બુદ્ધ પોતાની શિક્ષાને 'ધમ્મ'કહે છે. જેનો અર્થ થાય છે પ્રકૃતિના નિયમ(ઋત), સ્વાનુભૂતજન્ય સત્ય. એમણે પોતાના અનુયાયીઓને પણ 'धम्मा', 'धम्मट्ठो', 'धम्मिको', 'धम्माचारी', 'धम्मविहारी' આદિ કહ્યા. આજની ભાષાઓમાં જ 'बुद्धिज्म', 'बुद्धिस्ट', 'बौद्ध' જેવા શબ્દો જોવા મળે છે. જેનો પર્યાય વિસ્તૃત પાલિ વાઙ્મય માં ક્યાંય નથી મળતો.

જો બુદ્ધની શિક્ષા માટે बुद्धिज्म અથવા बौद्ध શબ્દોનો પ્રયોગ થાય. તો તે એક સંપ્રદાય–વિશેષ સુધી જ સીમિત થઈ જાય છે. પરંતુ ધમ્મ તો અસીમ છે – अप्पमाणो धम्म એ કોઈપણ સંપ્રદાય–વિશેષ કે ધર્માવલંબીઓ માટે નથી. 'ધર્મ' બધા માટે છે અને આપણે બધાં જાણીએ છીએ કે હવે આ શબ્દ એ જ અર્થમાં વપરાવા લાગ્યો છે કે જે પ્રયોગ કરવામાં સુવિધાજનક છે. ઘણાં બધાં લોકો જે આ શબ્દનો પ્રયોગ કરવા લાગ્યાં છે, તેઓ બરાબર સમજે છે કે એનો પ્રયોગ સર્વજનીન ધમ્મ અથવા ધર્મ માટે જ કરી રહ્યા છે.

આપણે સમજીએ કે બુદ્ધની શિક્ષા શું છે એ આર્ય આષ્ટાંગિક માર્ગ, છે. આ માર્ગ આર્ય એટલા માટે કહેવાય છે કે પરિશ્રમપૂર્વક તેના પર જે ચાલે છે તે આર્ય બની જાય છે, સંત બનીજાય છે, શુદ્ધ ચિત્તવાળી વ્યક્તિ બની જાય છે. આર્ય આષ્ટાંગિક માર્ગના ત્રણ ભાગ છે

પ્રથમ શીલ છે, જેને સંક્ષેપમાં નિમ્નલિખિત રૂપે કહી શકાય છે – બધાં પાપકર્મોથી અર્થાત્ બધાં કાયિક અને, વાચિક અકુશળ કર્મોથી દૂર રહેવું, જેનાથી બીજાંને ચોટ પહોંચી હોય તથા તેમની શાંતિ અને સમતાનો ભંગ થતો હોય. બીજો (ભાગ) સમાધિ અર્થાત્ કુશળ ચિત્તની એકાગ્રતા છે. તેને સંક્ષેપમાં નિમ્નલિખિતરૂપે કહી શકાય છે – કુશળ ચિત્તની એકાગ્રતાથી, કુશળ કર્મ કરો. ત્રીજો (ભાગ) પ્રજ્ઞા છે, જેને સંક્ષેપમાં નિમ્નલિખિતરૂપે કહી શકાય છે – પ્રજ્ઞા વિકસિત કરીને પ્રજ્ઞાની ભાવના પરિપૂર્ણ કરને ચિત્તને વિશદ્ધ કરવું. આ ત્રણેય શિક્ષાઓ અતીતના બધા બુદ્ધોની શિક્ષા છે અને ભવિષ્યના બધા બુદ્ધોની શિક્ષા હશે.

**બુદ્ધની વ્યાવહારિક શિક્ષા :**

દરેક સારો ધર્મ શીલ–સદાચારનું જીવન જીવવાની શિક્ષા આપે છે. આ જ આધ્યાત્મિક શિક્ષાનો સાર છે, મર્મ છે. પરંતુ બુદ્ધનો ઉદ્દેશ્ય કેવળ નૈતિક જીવન જીવવાનો ઉપદેશ દેવાનો જ ન હતો એમણે આર્ય આષ્ટાંગિક માર્ગના બીજા માઈલસ્ટોનરૂપે 'સમાધિ'નો અભ્યાસ કરવાનું શીખવ્યું, જેના માટે કોઈ આલંબનની આવશ્યકતા હોય છે. ઘણાં આલંબનો છે, જેના થકી કોઈપોતાના મનને નિયંત્રિત કરી શકે છે, જેના પર કોઈ પોતાના મનને ટકાવી શકે છે. બુદ્ધે પણ ઘણાં આલંબનો આપ્યાં. એક લોકપ્રિય આલંબન જ તેમણે આપ્યું, તે છે આપણો જ શ્વાસોચ્છવાસ. આને તેઓ 'आनापानसति' (આનાપાન સ્મૃતિ) કહે છે. જેનો અર્થ છે શ્વાસ તથા ઉચ્છ્વાસ પ્રત્યે જાગૃતતા વિકસાવવી. ભલે ગમે તે સંપ્રદાયનો હોય, બધા મનુષ્યમાં શ્વાસનું આવવું– જવું તો થતું જ રહે છે ! શ્વાસ ઉચ્છ્વાસ પ્રત્યે જાગૃતતાનો અભ્યાસ કરવાનો કોઈ વિરોધ નથી કરતું. કોઈ કેવી રીતે કહી શકે કે આ શ્વાસ મુસ્લિમ છે અથવા હિંદુ છે, ઈસાઈ છે કે યહુદી, બૌદ્ધ છે કે જૈન, શીખ છે કે પારસી, આફ્રિકન છે કે એશિયન, પુરુષ છે કે સ્ત્રી ?

'આનાપાનસતિ' નો અર્થ એ છે કે નાકની નીચે અને ઉપલા હોઠની ઉપરના ક્ષેત્ર પર થઈને જે શ્વાસ આવે–જાય છે, તેના પ્રત્યે જાગૃત રહીને ઉપલા હોઠની વચ્ચે એક બિંદુ પર મનને એકાગ્ર કરવું.

જેમ જેમ મન આ નાનકડા ક્ષેત્ર પર એકાગ્ર થાય છે, તેમ તેમ સૂક્ષ્મથી સૂક્ષ્મતર અને અધિક સંવેદનશીલ થતું જાય છે. માત્ર ત્રણ દિવસના અભ્યાસ બાદ સાધક શરીરના આ હિસ્સામાં શારીરિક સંવેદનાઓનો અનુભવ કરવા લાગે છે. ત્યારબાદ તે પ્રજ્ઞાને વિકસિત કરવા પર ધ્યાન દે છે. માથાથી લઈને પગ સુધી આખા શરીરમાં સંવેદનાઓને જોતાં જોતાં સાધક અનુભવ કરે છે કે બધી સંવેદનાઓ નામ અને રૂપ સાથે પૂર્ણપણે જોડાએલી છે. નામ અને રૂપ બંને એકબીજાને પ્રભાવિત કરે છે. તે બંને એક સિક્કાની બે બાજુ છે એનાથી પ્રભાવિત થતી સંવેદનાઓના નિરીક્ષણથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, જ્યારે પણ વ્યકિત અકુશળ કર્મ કરે છે, ત્યારે કર્મ કરતાં પહેલાં મનમાં તેણે કોઈને કોઈ વિકાર જગવવો પડે છે હત્યા કરતાં પહેલાં તેણે ભયંકર દ્વેષ ઉત્પન્ન કરવાનો હોય છે. ચોરી કરતાં પહેલાં લોભ જગવવો પડે છે. યૌન દુરાચાર કરતાં પહેલાં તેણે ખૂબ કામવાસના જગવવી પડે છે. બીજા કોઈની હાનિ કરતાં પહેલાં વ્યક્તિ સ્વયં પોતાની હાનિ કરે છે. ક્રોધ, લોભ, દ્વેષ, ઈર્ષા, ઘમંડ અને ભય, આદિ વિકૃતિઓ મનુષ્યને તત્કાળ દુઃખી, અભાગી, દયનીય અને ઉગ્ર બનાવે છે. તે અશાંત થઈ જાય છે અને જ્યારે તે અશાંત થાય ત્યારે પોતાની અશાંતિને પોતાના સુધી સીમિત નથી રાખતો. બલ્કે, બીજાને પણ અશાંત બનાવે છે સમાજના બીજા લોકોની હાનિ કરવાનું શરૂ કરે છે. પ્રકૃતિના આ નિયમનો કોઈપણ વ્યક્તિ પોતાની આ સાડા ત્રણ હાથની કાયામાં સ્વયં અનુભવ કરી શકે છે.

અકુશળ કર્મ કરતી વખતે બહારથી કોઈ સુખી માલૂમ પડી શકે છે, પરંતુ તેની વાસ્તવિક સ્થિતિ એ અંગારા જેવી હોય છે, જે ઉપરની રાખથી ઢંકાયેલો હોય છે. માનસિક વિકારોના લીધે તે અંદર ને અંદર બળતો રહે છે અને છતાં પણ તેને હોશ નથી રહેતા કે અંદર શું થઈ રહ્યું છે? આને જ અવિદ્યા (अविज्जा) તથા મોહ કહે છે. બુદ્ધના કહેવા પ્રમાણે કોઈ દાર્શનિક માન્યતાનું જ્ઞાન ન હોવું તે અવિદ્યા નથી. તેની (પોતાની) અંદર શું થઈ રહ્યું છે તેને ન જાણવું તે જ અવિદ્યા છે આ અવિદ્યારૂપી આવરણના કારણે તે નથી જાણવા પામતો કે તે દુઃખી કેમ છે? કોઈ દુઃખી રહેવા નથી માગતું, છતાં પણ તૃષ્ણા અર્થાત્ રાગ અને દ્વેષ નિરંતર ઉત્પન્ન કરતા રહેવાને લીધે તે દુઃખી બની રહે છે. કેમ કે તે હર સમય સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રયા કરતો રહે છે. જેમ જેમ અવિદ્યા દૂર થાય છે અને તે અંદર ડોકીયું કરીને જોવા લાગે છે ત્યારે અનુભવ કરે છે કે જો,હું આ સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રિયા કરીને જ મારા માટે દુઃખ જગાવી રહ્યો છું. જ્યારે આ સંવેદનાઓ સુખદ હોય છે ત્યારે હું રાગ જગાવું છું અને જ્યારે તે દુઃખદ હોય છે તો દ્વેષ જગાવું છું બંને મને દુઃખી બનાવે છે અને હવે જૂઓ, આનું સમાધાન મને મળી ગયું. જ્યારે હું સંવેદનાઓના અનિત્ય સ્વભાવને સમજીને તટસ્થ રહું છું તેમને સાક્ષીભાવે જોઉ છું અર્થાત્ પ્રતિક્રિયા નથી કરતો ત્યારે મારામાં તૃષ્ણા નથી જાગતી–નથી રાગ જાગતો કે નથી દ્વેષ જાગતો મનનો પુરાણો સ્વભાવ બદલવા લાગે છે અને હું દુઃખચક્રની બહાર નીકળવાં લાગું છું.

બુદ્ધના અનુસાર આ જ વિદ્યા (विज्जा) છે, આ જ પ્રજ્ઞા છે. આને કોઈ દાર્શનિક અથવા સાંપ્રદાયિક વિચારધારા સાથે કશી લેવા–દેવા નથી. નહાવા–નિચોવવાનો સંબંધ પણ નથી પોતાના સુખદુઃખથી સંબધિત આ સચ્ચાઈને આષ્ટાંગિક માર્ગ પર ચાલીને વિપશ્યના કરનારો સાધક સ્વયં પોતાની અંદર અનુભવ કરી શકે છે. ચાર આર્યસત્ય માત્ર દાર્શનિક સિદ્ધાંત નથી. એ તો પોતાના વિષયમાં વાસ્તવિક યર્થાથ છે, જેને સાધક પોતાની અંદર અનુભવ કરવા લાગે છે. આર્યસત્ય વસ્તુતઃ આર્યસત્ય ત્યારે જ થાય છે જ્યારે તેને પોતાની અંદર અનુભવ કરતાં કરતાં કોઈ આર્ય બનવા લાગે છે.

જ્યારે સાધક સંવેદનાની સાથે કામ કરે છે, ત્યારે તે મનના ઊંડાણમાં કામ કરે છે. સાધક જુએ છે કે મનમાં જ્યારે પણ કોઈ વિચાર ઊઠે છે. ત્યારે શરીર પર તત્કાળ એને અનુરૂપ સંવેદના થાય છે.આ જ બુદ્ધનો અત્યંત મહત્ત્વપૂર્ણ આવિષ્કાર હતો.

બુદ્ધનો બીજો મોટો આવિષ્કાર એ હતો કે આપણે આ સંવેદનાઓ પ્રત્યે રાગ કે દ્વેષ પેદા કરીએ છીએ. બુદ્ધ પહેલાં તથા તેમના સમયમાં પણ બીજા આચાર્યો એ વાત જાણતા ન હતા. તેઓ લોકોને એ જ સલાહ દેતા રહ્યા કે છ ઈંદ્રિયોના દ્વાર પર જે ઐંદ્રિય વિષય આલંબનના રૂપમાં આવે છે. તેના પ્રતિ પ્રતિક્રિયા ન કરો. અર્થાત્ આંખ જ્યારે રૂપને જુએ, નાક જ્યારે ગંધ સૂંઘે, કાન જ્યારે શબ્દ સાંભળે ત્યારે પ્રતિક્રિયા ન કરવી જોઈએ. તે લોકો શીખવતા કે જ્યારે ઐંદ્રિય વસ્તુઓ ભિન્ન–ભિન્ન ઈંદ્રિયોના સંપર્કમાં આવે છે ત્યારે તેને સારી કે ખરાબ માનીને રાગ અથવા દ્વેષની પ્રતિક્રિયા ન કરો. આવા ઉપદેશો અસ્તિત્વમાં હતા. પરંતુ, બુદ્ધે કહ્યું કે વસ્તુતઃ તમે આ આલંબનો પ્રત્યે પ્રતિક્રિયા નથી કરી રહ્યા. તેમણે કાળા તથા ઉજળા સાંઢનું ઉદાહરણ આપીને સમજાવ્યું કે તેમાંથી એક પ્રતીક છે ઈંદ્રિયદ્વારોનું અને બીજા ઈંદ્રિય વિષયોનું બંને

દોરડીથી બંધાએલા છે. નથી કાળો સાંઢ બંધન કે નથી તો ઉજળો સાંઢ બંધન. બંધન તો દોરડીનું છે. બુદ્ધે કહ્યું કે રાગ (તૃષ્ણા)ની દોરડી બંધન છે અને વ્યક્તિ સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રિયા કરીને જ રાગ અને દ્વેષને જન્મ આપે છે. આ સમ્યક્ સંબુદ્ધની બહુ મોટી ખોજ હતી. મહાન આવિષ્કાર હતો. આ જ ખોજના કારણે તેઓ સમ્યક્ સંબુદ્ધ બન્યા.

બીજા ઘણાં લોકો હતાં, જે કહેતા કે ઐંદ્રિય વસ્તુઓ (આલંબનો) પ્રત્યે પ્રતિક્રિયા ન કરવી જોઈએ. છતાં તેઓ 'બુદ્ધ'ન બની શક્યા. કેટલાક આચાર્યો એવા હતા, જેઓ શીખવતા કે કોઈએ રાગ અને દ્વેષ ન જગાવવા જોઈએ. બુદ્ધે કહ્યું કે રાગ અને દ્વેષ ત્યાં સુધી રહેશે જ્યાં સુધી મોહ છે. એટલે તેમણે મોહની બહાર નીકળવાની વિધિ શીખવી. મોહ છે શું? મોહ અવિજ્જા (અવિદ્યા) છે. આપ જાણતા નથી કે અંદર શું ઘટી રહ્યું છે? તેમ લોભ અને દ્વેષના અસલી કારણને નથી જાણતા. પૃથક્જન છો. અજ્ઞાની છો. અનભિજ્ઞ છો. તમે આમાંથી બહાર કઈ રીતે આવી શકશો? સમસ્યાના મૂળ પર પ્રહાર કરો અને સંવેદનાઓ સાથે કામ કરતાં કરતાં દુઃખમાંથી બહાર આવો. જ્યાં સુધી તમે સંવેદના પ્રત્યે જાગૃત નથી ત્યાં સુધી તમને તેનું ભાન નથી. તમે બાહ્ય વસ્તુઓ સાથે ઝઘડતા રહ્યા. એવું વિચારીને કે આ કુરૂપ છે, આ કુરૂપ નથી. તમે કેવળ ઉપલા ધરાતલ પર જ કામ કરતા રહ્યા. તમે વિચારો છો કે કાળો સાંઢ બંધનનું કારણ છે અથવા સફેદ સાંઢ જ બંધન છે. બંધન તો રાગ અને દ્વેષ છે.જે સ્વયં પોતે સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રિયા કરીને ઉત્પન્ન કરે છે. એક શરાબી વિચારે છે કે તેને શરાબની લત છે. પરંતુ,વસ્તુતઃ તેને લત છે એ સંવેદનાઓની, જેનો તે શરાબ પીતી વખતે અનુભવ કરે છે

જ્યારે કોઈ તટસ્થભાવે સંવેદનાઓને જુએ છે, ત્યારે તે અજ્ઞાન માંથી, બેહોશીમાંથી બહાર નીકળવા લાગે છે. સંવેદનાઓની અનિત્યતાનું જ્ઞાન જગવીને પ્રતિક્રિયા કર્યા વિના પ્રજ્ઞા પુષ્ટ કરે છે. આ પ્રકૃતિનો નિયમ છે કે સાંવૃતિક સત્ય (ઘટના)ના સ્વાભાવિક ક્રમ પાછળ ધર્મનિયામતા નો નિયમ છે, બુદ્ધ રહે કે ન રહે, ધર્મનિયામતા રહે છે. આ નિયમ શાશ્વત છે. આ એક મહાન વૈજ્ઞાનિકની સુસ્પષ્ટ ઉદ્ઘોષણા છે.

બુદ્ધ કહે છે, મે પ્રકૃતિના આ 'પ્રતીત્ય-સમુત્પાદ' નિયમને પોતાની ભીતર અનુભવ કર્યો છે. સ્વયં અનુભવ કરીને બરાબર સમજ્યા પછી જ હું તેની ઉદ્ઘોષણા કરૂં છું, એનો ઉપદેશ આપુ છું, તેને સ્પષ્ટ કરૂં છું, તેને પ્રતિષ્ઠાપિત કરૂં છું. તેને સ્વયં બરાબર સમજીને પછી જ હું બીજાને જણાવું છું, કહું છું. આ બરાબર એ જ પ્રકારનું છે જેમ ન્યુટન રહે કે ન રહે ગુરૂત્વાકર્ષણનો નિયમ સત્ય છે. ન્યુટને તેનો આવિષ્કાર કરીને આખી દુનિયાને દેખાડ્યો. એ જ રીતે ગેલિલિયો રહે કે ન રહે પૃથ્વી સૂર્યની ચારે બાજુ ઘૂમે છે એ આવિષ્કાર સત્ય જ રહે છે.

સંવેદનાનો અનુભવ જ્યાં થાય છે તે એક નિર્ણાયક જંકશન (સંધિસ્થાન) છે, જ્યાંથી એકમેકથી વિપરિત જતાં બે રસ્તાઓ પર ચાલી શકાય છે. જો કોઇ અજ્ઞાનમાં સુખદ અને દુઃખદ સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રિયા કરતું રહે, તો તે પોતાના દુઃખને કેટલાય ગણું વધારી લે છે. અને જ્યારે સુખદ અને દુઃખદ સંવેદનાઓ પ્રત્યે તટસ્થ રહેતાં શીખીલે છે ત્યારે તે મનના ઊંડાણ સુધી જઈને પોતાના સ્વભાવ સિકંજાને બદલવા લાગે છે અને દુઃખ માંથી બહાર નીકળવા લાગે છે. સંવેદનાઓ જ જડમૂળ છે. જ્યાં સુધી કોઈ મૂળની, જડની ઉપેક્ષા કરતું રહે ત્યાં સુધી વિષવૃક્ષ વધશે જ, ચાહે એના થડને, ડાળીઓને,પાંદડાંને આદિને કાપતાં કેમ ન રહે? બુદ્ધે કહ્યું, જેમ કોઈ વૃક્ષ કે જેનાં મૂળિયાં સહી સલામત હોય તેને કાપી નાખવા છતાંય પાછું અંકુરિત થઈને વિકસિત થવા લાગે છે, તેવી જ રીતે જ્યાં સુધી ભીતરના રાગ સમૂળ નષ્ટ નથી થતા (ત્યાં સુધી)દુઃખ વારંવાર ઉત્પન્ન થતું જ રહે છે.

એ પ્રકારે આ મહાન વૈજ્ઞાનિકે એ આવિષ્કાર કર્યો કે માનસિક વિકારોમાંથી પૂર્ણપણે મુક્ત થવા માટે મનનાં મૂળિયાં સુધી જઈને કામ કરવું પડશે. દરેક વ્યક્તિએ મૂળ કાપવાં જ પડશે, મૂળનો ઉચ્છેદ કરવો જ પડશે.

સમાજમાં સુધારણા થાય તે માટે હર એક વ્યક્તિએ સુધરવું પડશે. જ્યારે આખું જંગલ જ મૂરઝાઈ ગયું હોય ત્યારે દરેક વૃક્ષનું પરિપોષણ કરવું પડશે. તેના મૂળને રોગમુક્ત કરવાં પડશે અને જળસિંચન કરવું પડશે. ત્યારે આખું જંગલ લીલુંછમ થઈ ઊઠશે, ખીલી ઊઠશે. એ જ રીતે સમાજને સુધારવા માટે દરેક વ્યક્તિએ શાંત થવું પડશે વ્યક્તિ જ સમાજ સુધારણાની કુંચી છે. આપણે ઈચ્છીએ કે આખા વિશ્વમાં શાંતિ થાય તો તે માટે દરેક દેશે અને દરેક સમાજે શાંત થવું પડશે. અહી હું ફરીથી બુદ્ધના એક મહત્ત્વપૂર્ણ ઉપદ્ેશનું ઉદાહરણ દેવા માગીશ, જે તેમણે લિચ્છવીના વજ્જી ગણતંત્રને આપ્યું હતું. બુદ્ધે નિમ્નલિખિત વ્યાવહારિક શિક્ષા આપી, જેણે લિચ્છવીઓને અપરાજય બનાવ્યા.

(૧) જ્યાં સુધી તે લોકો બેઠક કરતા રહેશે અને નિયત સમયે મળતાં રહેશે, તેઓ અજેય રહેશે (૨) જ્યાં સુધી તે લોકો એક થઈને મળશે, એક થઈને ઊઠશે અને એક થઈને કર્તવ્યપાલન કરશે, તેઓ અજેય રહેશે. (૩) જ્યાં સુધી તે લોકો સારા પ્રશાસનની પ્રાચીન નીતિઓ અને પોતાની ન્યાય-પ્રણાલીનું અતિક્રમણ નહિ કરે, તેઓ અજેય રહેશે (૪) જ્યાં સુધી તેઓ વૃદ્ધોનુ આદર સન્માન કરશે, તેમનો મોભો સાચવશે, તેમના પર શ્રદ્ધા રાખીને એમની વાત માનશે, તેઓ અજેય રહેશે(૫) જ્યાં સુધી તે લોકો પોતાની સ્ત્રીઓ અને બાળકોની રક્ષા કરશે. તેઓ અજેય રહેશે.(૬)જ્યાં સુધી તઓ પોતાના ગણતંત્રની અંદર અને બહારનાં પૂજાસ્થળો ની પૂજા કરશે, ઉપાસના કરશે અને આર્થિક સહાયતાથી એની રક્ષા કરશે, તેઓ અજેય રહેશે. (૭) જ્યાં સુધી તે લોકો અર્હતોની સારી રીતે રક્ષા કરતા રહેશે, તેઓ અજેય રહેશે.

એ વખતે પણ ઘણા બધા સંપ્રદાયો (પંથ/મત) હતા. જેનાં પોત-પોતાનાં મંદિરો અને પૂજાસ્થળો હતાં. ડહાપણ એમાં છે કે તે બધાને ખુશ અને સંતુષ્ટ રાખવામાં આવે કોઈને તંગ કરવામાં ન આવે તંગ કરવાથી જ લોકો રાષ્ટ્ર (રાજ્ય) ના શત્રુ થવા પ્રેરાય છે. એ લોકોના પૂજાસ્થળોને સમુચિત સંરક્ષણ મળવું જોઈએ, જ્યાં સુધી શાસક સત્પુરૂષોને સંરક્ષણ દેશે અને તેમનું પાલન પોષણ કરશે,તેઓ અજેય રહેશે.

બુદ્ધની આ વિવેકપૂર્ણ શિક્ષા વિશ્વમાં શાંતિ અને સામંજસ્ય સ્થાપિત કરવા માટે આજે પણ એટલી જ ઉપયોગી છે. જો આપણે વિશ્વમાં ખરેખર શાંતિ લાવવા ઈચ્છીએ તો ધર્મસંબંધી સમસ્યાઓની ઉપેક્ષા ન કરી શકીએ

પ્રત્યેક સરકારનું એ કર્તવ્ય હોય છે કે તે બહારનાં આક્રમણોથી પોતાના લોકોની રક્ષા કરે. પોતાના ક્ષેત્ર (રાજ્ય)ની અને લોકોની સુરક્ષા માટે સંભવિત હર પ્રયત્ન કરે. આમ કરતી વખતે એ વાત આવશ્ય ધ્યાનમાં રાખવી જોઈએ કે એવી કાર્યવાહી સમસ્યાનું સ્થાયી સમાધાન નથી. કોઈ પણ મતને માનનારી વ્યક્તિ દ્વારા થતાં કાર્યોના મૂળમાં સમાયેલાં બધાં પ્રત્યેનો સદ્ભાવ અને કરૂણા જ વિદ્વેષને જડમૂળથી દૂર કરવામાં સક્ષમ છે. ભારત તથા સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા સહિત વિશ્વના વિભિન્ન દેશોની જેલોમાં થનારી વિપશ્યના શિબિરોમાં અમે જોઈએ છીએ કે લોકોમાં કેવો બદલાવ આવે છે. આતંકવાદનું મૂળ આતંકવાદીઓના મનમાં છે. અમે લોકોએ જોયું છે કે તેમાંના કેટલાક કેવા બદલાઈ ગયા છે! તેમનામાં અવિશ્વસનીય સુધારો થયો છે. ક્રોધ,ભય,બદલો લેવાની ભાવના અને ઘૃણા દ્રવીભૂત થઈને વિલીન થઈ જાય છે. અને તેનું સ્થાન લે છે શાંતિ અને કરુણા. સર્વપ્રથમ અમે જેલના કેટલાક અધિકારીઓને જ વિપશ્યના શીખવાનું કહીએ છીએ અને ત્યાર બાદ જ ત્યાંના કેદીઓ માટે શિબિર લગાવીએ છીએ. તેનું આશ્ચર્યજનક પરિણામ આવે છે.

બુદ્ધની શિક્ષામાં આપણને એક એવો સેતુ મળે છે, જે વિભિન્ન મતો અને પંથોને જોડી શકે છે. બુદ્ધની શિક્ષાના ત્રણ મૌલિક ભાગ-શીલ, સમાધિ અને પ્રજ્ઞા બધા ધર્મો અને આધ્યાત્મિક પંથોનો સાર છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞા બધા ધર્મોમાં સર્વનિષ્ઠ છે. લાભપ્રદ જીવન જીવવા માટે જે ત્રણ મૂળભૂત વાતો આવશ્યક છે તેના અંગે કોઈ ઝગડો હોઈ જ ન શકે. બુદ્ધની શિક્ષા એ ત્રણના જ અભ્યાસ પર ભાર મૂકે છે. જેથી જીવનમાં તેનો ઉપયોગ કરી શકાય. એ જ તો હરેક ધર્મનું હૃદય છે, મર્મ છે. આ મર્મને મહત્ત્વ ન દેતાં આપણે બહારના છોતરાને લઈને ઝઘડતા રહીએ છીએ અને બહારના છોતરાં જેવા કે કર્મકાંડ અથવા અનુષ્ઠાન તો હર ધર્મના અલગ-અલગ હોઈ જ શકે છે.

ઈતિહાસ સાક્ષી છે કે ભગવાન બુદ્ધની આ સર્વજનીન તથા અસાંપ્રદાયિક શિક્ષા જ્યારે પણ કોઇ સ્થાન પર અથવા કોઇ પણ સમુદાયની વચ્ચે ગઈ તો ત્યાંની સ્થાનીય સંસ્કૃતિ અને સમુદાય સાથે તેનો કદિ સંઘર્ષ નથી થયો બલ્કે તે ત્યાં એવી રીતે ભળી ગઇ જેવી રીતે દૂધમાં સાકર ભળી જાય છે. ધીરે ધીરે સમાજની અભિવૃદ્ધિ માટે તથા તેને મૃદુ અને મધુર બનાવવા માટે બુદ્ધની શિક્ષા આત્મસાત્ કરવામાં આવી. આપણે બધાં જાણીએ છીએ કે આજની કડવાશભરી દુનિયાને શાંતિ અને સદ્ભાવવાળી મીઠાશની કેટલી આવશ્યકતા છે! સમ્યક્ સંબુદ્ધની શિક્ષા અધિકથી અધિક લોકોના જીવનમાં શાંતિ અને સુખ લાવે અને દુનિયાના વિભિન્ન સમાજના અધિકથી અધિક લોકો સુખમય અને શાંતિમય જીવન વિતાવી શકે એ જ મંગલ કામના છે

ભવતુ સબ્બ મંગલં! બધાં પ્રાણી સુખી થાઓ! બધાની સ્વસ્તિ મુક્તિ થાઓ!

**મંગલ મિત્ર ,**
**સ.ના.ગોયન્કા**

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| | 12-11-11 to 20-11-11 | | 17-09-11 to 25-09-11 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| | 24-08-11 to 04-09-11 | 29-06-11 to 10-07-11 | 14-12-11 to 25-12-11 |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસ) 18-09-11 to 09-10-11<br>(૩૦ દિવસ) 08-09-11 to 09-10-11 | (૩૦ દિવસ) 24-11-11 to 25-12-11<br>(૪૫ દિવસ) 24-11-11 to 09-01-12 | | |

## ધમ્મસિંધુ - બાડા ખાતે CCT મિલન તથા જૂના સાધકોનો સેમિનાર

ધમ્મસિંધુ – બાડા પર તા. ૨૨–૦૮–૧૧ને સોમવારના રોજ જૂના સાધકો માટે એક દિવસીય શિબિર અને સાંજે CCT – મિલન તા. ૨૩–૦૮–૧૧ના મંગળવારે જૂના સાધકોનો સેમિનાર આયોજિત કરેલ છે.

સંપર્ક :– બાડા – ધમ્મસિંધુ : ૦૨૮૩૪–૨૭૩૩૦૩
અંજાર – ગૌતમ ગોસ્વામી : ૯૯૨૫૨ ૬૬૦૪૪
ગાંધીધામ – ઉસ્માન લાડકા : ૯૮૨૫૨ ૭૮૩૫૭
ભૂજ – પ્રભુભાઈ પટેલ : ૯૪૨૭૪ ૩૩૫૩૪
માંડવી – ઈશ્વરલાલ શાહ : ૯૯૦૯૧ ૭૦૨૦૦
રાપર – દેવેન્દ્ર ગોસ્વામી : ૯૮૨૪૮ ૯૭૨૫૧

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 |
|---|---|---|---|
| **૨૦૧૧ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | |
| 01-08-11 to 12-08-11 | 07-08-11 to 18-08-11 | 03-08-11 to 14-08-11 | 17-08-11 to 28-08-11 |
| 14-08-11 to 25-08-11 | 24-08-11 to 04-09-11 | 17-08-11 to 28-08-11 | 31-08-11 to 11-09-11 |
| 26-08-11 to 06-09-11 | 05-09-11 to 16-09-11 | 31-08-11 to 11-09-11 | 08-10-11 to 19-10-11 |
| 08-09-11 to 19-09-11 | 17-09-11 to 28-09-11 | 14-09-11 to 25-09-11 | 16-11-11 to 27-11-11 |
| 09-10-11 to 20-10-11 | 04-10-11 to 15-10-11 | 08-10-11 to 19-10-11 | 30-11-11 to 11-12-11 |
| 21-10-11 to 01-11-11 | 16-10-11 to 27-10-11 | 23-10-11 to 03-11-11 | |
| | 29-10-11 to 09-11-11 | 09-11-11 to 20-11-11 | |
| | 10-11-11 to 21-11-11 | 23-11-11 to 04-12-11 | |
| | | 14-12-11 to 25-12-11 | |

| **એક દિવસીય શિબિર જૂના સાધકો માટે** | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |
| **: મોગર :** 'ધમ્મભવન' ૫–કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫–૨૩૪૧૧૮૧ | | | **: ધર્મજ :** હેમંતભાઈ પટેલ (૦૨૬૯૨) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ |
| 22-07-11 to 02-08-11 | 07-12-11 to 18-12-11 | | 06-09-11 to 17-09-11 |
| 17-08-11 to 28-08-11 | | | 31-10-11 to 11-11-11 |
| 01-10-11 to 12-10-11 | | | |
| 31-10-11 to 11-11-11 | | | |

### દોહા ધરમના

અબ તક નિજ પરિવાર હી, બના રહા સંસાર ।
અબ સારા સંસાર હી, બન જાવે પરિવાર ॥
નહીં હમારે હાથ સે, બુરા કિસી કા હોય ।
દો દિન કી યહ જિંદગી, લડને મેં ના ખોય ॥
નહીં કિસી કા શાંતિ સુખ, મુઝસે ખંડિત હોય ।
ભલા હો સકે તો ભલા, બુરા ન કિંચિત હોય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

ઈસ દુખિયારે જગત કા, દુખવર્ધન ના હોય ।
મુઝસે જિતના હો સકે, સુખ સંવર્ધન હોય ॥
મેરે મત કી માન્યતા, મુઝકો પ્રિય હી હોય ।
પર સુન કર વિપરીત મતિ, ચિત્ત વ્યાકુલ ના હોય ॥
જ્યોં ગૌતમ સિદ્ધાર્થ મેં, જાગી બોધિ અનંત ।
ત્યોં હમ સબ મેં ભી જગે, હોય દુખોં કા અંત ॥

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 15 જુલાઈ 2011** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org